## 1) NJEDA ART પ્રોગ્રામ શું છે?

ART પ્રોગ્રામ 10 મિલિયન ડોલરનો કુલ ભંડોળ સ્રોત પૂરો પાડે છે જેને બે પ્રોડકટમાં વિભાજિત કરવામાં આવશે: એક રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલોપમેન્ટ માટે અને એક પબ્લિક સ્પેસ એક્ટિવેશન માટે. રિયલ એસ્ટેટના રિહેબિલિટેશન, નવા બાંધકામ અને દરેક પ્રોજેક્ટ સાથે સંકળાયેલા વિકાસ ખર્ચ માટે ગ્રાન્ટના રૂપમાં રિયલ એસ્ટેટના વિકાસને ધિરાણ આપવા માટે 7 મિલિયન ડોલર સુધીની યોજના છે. આ ફાળવણી નેવાર્ક અને એટલાન્ટિક સિટી વચ્ચે સમાનરૂપે વિભાજિત કરવામાં આવશે (નેવાર્કમાં પ્રોજેકટ માટે 3.5 મિલિયન ડોલર એવોર્ડ અને એટલાન્ટિક સિટીમાં પ્રોજેકટ માટે 3.5 મિલિયન ડોલર). કુલ પ્રોગ્રામ ભંડોળના ત્રીસ ટકા (30%) (દરેક નગરપાલિકા, નેવાર્ક અને એટલાન્ટિક સિટીમાં આશરે 1.5 મિલિયન ડોલર)નો ઉપયોગ પ્લેસમેકિંગ પ્રોજેક્ટ, પબ્લિક આર્ટ ઇન્સ્ટોલેશન્સ, આર્ટ-આધારિત પ્લેસમેકિંગ પ્રોજેક્ટ, સંકેતો અને સ્ટ્રીટસ્કેપ ઇમ્પ્રૂવમેન્ટ જેવા પબ્લિક સ્પેસ એક્ટિવેશનની શરૂઆત કરવાના નિર્માણ માટે કરવામાં આવશે.

## 2) રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલોપમેન્ટ ગ્રાન્ટ માટે પાત્ર અરજદારો કોણ છે?

બિન-લાભકારી (સેવાભાવી) સંસ્થાઓના ઈકોનોમિક ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટ એજન્સીઓ કે જે ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટના પ્રોજેક્ટને પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે.

વાણિજ્યિક મિલકતના માલિક(માલિકો) કે જેઓ ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે, ખાનગી અથવા બિન-લાભકારી (સેવાભાવી) સંસ્થાના ડેવલપર કે જેઓ ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે. કોઈપણ સરકારી સાધનો લાગુ થઈ શકશે નહીં.

## 3) પબ્લિક સ્પેસ ગ્રાન્ટ માટે પાત્ર અરજદારો કોણ છે?

501 c (3) અને 501 c (19) સ્ટેટસ ધરાવતી બિન-લાભકારી(સેવાભાવી) સંસ્થાઓ કે જે સમુદાયોને સમર્થન આપવા અને ફરીથી જીવંત કરવા માટે બનાવવામાં આવી છે. નગરપાલિકાઓ અને સરકારી સંસ્થાઓ પાત્ર નથી.

## 4) પાત્ર પ્રોજેક્ટ ક્યાં સ્થિત હોઈ શકે છે?

બધા પ્રોજેક્ટ સ્થાનો હોવા જોઈએ:

નેવાર્ક સિટી અને એટલાન્ટિક સિટીના શહેરી વિસ્તારમાં અને વ્યાપારી ક્ષેત્રમાં કે જેને એક્ટિવ ન્યૂ જર્સી રેલ ટ્રાન્ઝિટ સ્ટેશનના દોઢ માઇલની ત્રિજ્યામાં સ્થિત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે.

## 5) હું કેવી રીતે નક્કી કરી શકું કે મારો પ્રોજેક્ટ એટલાન્ટિક સિટી અથવા નેવાર્ક વ્યાપારી ક્ષેત્રમાં છે?

NJEDA તરફથી સ્થાનની સમીક્ષા કરવા માટેનો નકશો તમને એ નિર્ધારિત કરવાની મંજૂરી આપશે કે તમારું પ્રોજેક્ટ સ્થાન ART પ્રોગ્રામ માટે યોગ્ય સ્થાન પર છે કે નહીં. NJEDA Location Review App

**6) ભંડોળ ક્યાં સુધીમાં મેળવવું ફરજિયાત હોવું જોઈએ?**

તમામ ART ભંડોળ 31 ડિસેમ્બર, 2024 સુધીમાં મેળવવું ફરજિયાત હોવું જોઈએ.

**7) ભંડોળ ક્યાં સુધીમાં ખર્ચ કરવું જરૂરી છે?**

તમામ ART ફંડ 31 ડિસેમ્બર, 2026 સુધીમાં ખર્ચવામાં આવવું જોઈએ.

**8) તમે ટેક્સ ક્લિયરન્સ પ્રમાણપત્ર ક્યાંથી મેળવી શકો છો કારણ કે આ પ્રોગ્રામની આવશ્યકતા છે?**

જો તમે પ્રીમિયર વ્યાવસાયિક સેવામાં નોંધાયેલા નથી, તો પ્રીમિયર વ્યાવસાયિક સેવા પોર્ટલhttps://www16.state.nj.us/NJ_PREMIER_EBIZ/jsp/home.jsp ની મુલાકાત લો અને ફક્ત નવા વપરાશકર્તાઓ પસંદ કરો - એક એકાઉન્ટ બનાવો અને નવું એકાઉન્ટ બનાવવા માટે સૂચનાઓને અનુસરો.

જો તમે પહેલાથી જ પ્રીમિયર વ્યાવસાયિક સેવામાં નોંધાયેલા છો, તો https://www16.state.nj.us/NJ_PREMIER_EBIZ/jsp/home.jsp પર લૉગ ઇન કરો. ટેક્સ એન્ડ રેવન્યુ સેન્ટર પર જાઓ અને બિઝનેસ ઇન્સેન્ટિવ ટેક્સ ક્લિયરન્સ પસંદ કરો. જો તમારું એકાઉન્ટ તેની ટેક્સ જવાબદારીઓનું પાલન કરતું હોય અને કોઈ જવાબદારીઓ(બાકી ટેક્સ) અસ્તિત્વમાં ન હોય, તો બિઝનેસ ઈન્સેન્ટિવ ટેક્સ ક્લિયરન્સ પ્રમાણપત્ર સીધા પોર્ટલ દ્વારા પ્રિન્ટ કરી શકાય છે.

તમારા એકાઉન્ટને લગતા પ્રશ્નો NJ ટ્રેઝરીના 609-292-9292 પર અથવા પ્રીમિયર સેવા નોંધણીIntegrated-Registration.Admin@treas.nj.gov પર ઇમેઇલ દ્વારા મોકલી શકાય છે.

**9) શું લાભોની સમીક્ષાનું ડુપ્લીકેશન આવે છે?**

હા, સમાન પ્રોજેક્ટ ખર્ચ માટે જાહેર ભંડોળનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી તેની ખાતરી કરવા માટે તમામ પ્રોજેક્ટ દ્વારા લાભોની સમીક્ષાનું ડુપ્લીકેશન પૂર્ણ કરવાની જરૂર પડશે.

**10) શહેર દીઠ પ્રોજેક્ટ દીઠ લઘુત્તમ વિનંતી કરેલ એવોર્ડ કેટલો છે?**

રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોડકટ અને પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોડકટ બંને માટે ન્યૂનતમ એવોર્ડ વિનંતી 250,000 ડોલર છે.

**11) શહેર દીઠ પ્રોજેક્ટ દીઠ મહત્તમ વિનંતી કરેલ એવોર્ડ કેટલો છે?**

રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન પ્રોડકટ માટે મહત્તમ એવોર્ડ 3,500,000 ડોલર છે અને પબ્લિક સ્પેસ પ્રોડકટ માટે મહત્તમ એવોર્ડ 1,500,000 ડોલર છે.

**12) જો એવોર્ડ 2nd અથવા તેના પછીના સૌથી વધુ સ્કોર કરનાર અરજદાર માટે ભંડોળના તફાવતને આવરી લેતો નથી તો શું?**

જો આગામી ક્રમાંકિત અરજદાર (જે લઘુત્તમ સ્કોર કરતા વધુ સ્કોર કરે છે) સંપૂર્ણપણે ભંડોળ મેળવી શકતા નથી,

NJEDA સ્ટાફ તે ઉપલબ્ધ રકમના અરજદારને સૂચિત કરશે જેને એવોર્ડ આપવામાં આવી શકે છે.

અરજદાર પાસે ગ્રાન્ટની રકમ સ્વીકારવા માટે નોટિસની તારીખથી 15 કામકાજના દિવસો હશે અને ઉદ્દેશ્ય સંબંધિત પત્ર, પ્રતિબદ્ધતા પત્ર, બેંક સ્ટેટમેન્ટ અથવા અન્ય કોઈપણ માધ્યમનો ઉપયોગ કરીને પ્રોજેક્ટ હજી પણ પૂર્ણ થઈ શકે છે તેની ખાતરી કરવા માટે વધારાના ભંડોળના પૂરાવા પૂરા પાડવા પડશે.

જો અરજદાર ઉપલબ્ધ રકમ ન સ્વીકારવાનું નક્કી કરે અથવા પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે વધારાના ભંડોળની ઓળખ ન કરે, તો એપ્લિકેશન અધૂરી ગણાશે અને NJEDA દ્વારા પાછી ખેંચી લેવામાં આવશે.

જો તે અરજદારને કોઈ એવોર્ડ આપવામાં નહીં આવે, તો NJEDA એ જ પ્રક્રિયા સાથે આગળની સૌથી વધુ સ્કોરવાળી એપ્લિકેશન (લઘુત્તમ સ્કોરથી ઉપર) માટે આગળ વધશે.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન, અરજદારને તેના પ્રોજેક્ટમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, કારણ કે તે સ્કોરિંગને અસર કરશે.

### 13) રિયલ એસ્ટેટ પ્રોગ્રામ માટે એવોર્ડ કેવી રીતે વિતરિત કરવામાં આવે છે?

રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ, અરજદારોને પ્રોજેક્ટ પૂર્ણ થવા પર 50% પર કુલ એવોર્ડ રકમના 50% નું એક વિતરણ પ્રાપ્ત થશે જે તેમના AIA (અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્કિટેક્ટ્સ) દસ્તાવેજો દ્વારા દર્શાવ્યા મુજબ હશે. જ્યારે અરજદાર માલિકીનું પ્રમાણપત્ર અને પૂર્ણતાનો પુરાવો પ્રદાન કરી શકે ત્યારે બીજું વિતરણ થશે.

### 14) પબ્લિક સ્પેસ પ્રોગ્રામ માટે એવોર્ડ કેવી રીતે વિતરિત કરવામાં આવે છે?

પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોગ્રામ હેઠળ, અરજદારને ગ્રાન્ટના કરારના અમલ પર સંપૂર્ણ ગ્રાન્ટની રકમ પ્રાપ્ત થશે. પ્રોજેક્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી અરજદારે ત્રિમાસિક ધોરણે રિપોર્ટિંગ સબમિટ કરવાનું રહેશે.

### 15) શું આ પ્રોગ્રામ પ્રવર્તમાન વેતનને ટ્રિગર કરે છે?

હા, ART પ્રોગ્રામ ફંડિંગ ગ્રાન્ટ ભંડોળના ઉપયોગના આધારે તમામ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ અને પસંદ કરેલા પબ્લિક સ્પેસ પ્રોજેક્ટમાં પ્રવર્તમાન વેતનને ટ્રિગર કરી શકે છે.

### 16) જો મને NJEDA તરફથી અગાઉની સહાય મળી હોય તો શું હું એપ્લિકેશન કરવા પાત્ર છું?

હા, જો NJEDAની અગાઉની સહાય પ્રાપ્ત થઈ હોય તો અરજદારો ભંડોળ મેળવવા માટે પાત્ર છે.

### 17) શું આ પ્રોગ્રામ માટે એપ્લિકેશન કરવા માટે મારે નેવાર્ક અથવા એટલાન્ટિક સિટીમાં રહેવું પડશે?

ના, અરજદારો નેવાર્ક અથવા એટલાન્ટિક સિટીની બહાર રહી શકે છે અથવા કોર્પોરેટ કામગીરી હાથ ધરી શકે છે. જો કે, પ્રોજેક્ટના સ્થાનો એટલાન્ટિક સિટી અને નેવાર્ક વ્યાપારી ક્ષેત્ર સુધી મર્યાદિત છે.

### 18) જો હું પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં સક્ષમ ન હોઉં તો શું થશે?

ફેડરલ દિશાનિર્દેશો મુજબ 31 ડિસેમ્બર, 2026 સુધીમાં પ્રોજેક્ટ ભંડોળની રકમનો સંપૂર્ણ ખર્ચ કરવો આવશ્યક છે. જો કોઈ અરજદાર તેમનો પ્રોજેક્ટ પૂરો ન કરી શકે તો ગ્રાન્ટની ભંડોળની રકમ ફરીથી કબજે કરવામાં આવશે.

### 19) આ પ્રોગ્રામ માટે એપ્લિકેશન કરવા માટે મારે કેટલો અનુભવ હોવો જોઈએ?

રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ માટે, અરજદારો લાભકારી, બિન-લાભકારી(સેવાભાવી) સંસ્થાઓના ડેવલોપર અથવા વાણિજ્યિક મિલકતના માલિક(માલિકો) કે જેઓ ડેવલોપમેન્ટ અને રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ક્ષમતા

દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે.

પબ્લિક સ્પેસ એક્ટિવેશન માટે, અરજદારોને અગાઉનો અનુભવ હોવો જરૂરી નથી પરંતુ પ્રોજેક્ટનો અગાઉનો અનુભવ અને આગળ વધવાની તૈયારી એ સ્કોરિંગના મુખ્ય ઘટકો છે.

**20) જો આ મારો પહેલો પ્રોજેક્ટ છે, જો હું એવી વ્યક્તિ સાથે ભાગીદારી કરું કે જેણે આ પ્રોગ્રામ જેવા પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે તો શું હું એપ્લિકેશન કરી શકું?**
અરજદારો ભાગીદારો સાથે એપ્લિકેશન કરી શકે છે. સ્કોરિંગ ઘટકો મુખ્ય ઘટકો તરીકે આગળ વધવા માટે પ્રોજેક્ટ ટીમના અગાઉના અનુભવ અને તૈયારીને દર્શાવે છે.

**21) શું મારે ટેક્સ રિટર્ન અથવા પેસ્ટબ (paystubs) આપવા પડશે?**
ના

**22) જો હું કારણ દર્શાવવા સાથે સારી સ્થિતિમાં ન હોઉં, તો શું આ મારી પાત્રતાને અસર કરશે?**
હા, કોઈપણ EDA ગ્રાન્ટ ભંડોળ માટે એવોર્ડ મેળવનારાઓ એપ્લિકેશન કરવા સમયે ટ્રેઝરી-ટેક્સેશન, લેબર અને એન્વાયરમેન્ટલ પ્રોટેક્શનના NJ વિભાગો સાથે નોંધપાત્ર રીતે સારી સ્થિતિમાં હોવા જોઈએ.

**23) એપ્લિકેશન કર્યા પછી શું થાય છે?**

એપ્લિકેશન 60-વ્યવસાયિક દિવસના સમયગાળામાં સ્વીકારવામાં આવશે. મૂલ્યાંકન માટે સ્કોરિંગ કમિટીને મોકલવામાં આવે તે પહેલાં એપ્લિકેશનની પૂર્ણતા માટે મૂલ્યાંકન કરવામાં આવશે. જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ છે તેની ખાતરી કરવા માટે પૂર્ણતા મૂલ્યાંકન તમામ એપ્લિકેશનની સમીક્ષા કરશે. દસ્તાવેજ ઉપલબ્ધ છે તેની ખાતરી કરવા માટે જ સમીક્ષા કરવામાં આવશે. પૂર્ણતા મૂલ્યાંકન દસ્તાવેજની માહિતીની સમીક્ષા કરશે નહીં. જો જરૂરી હોય તો, દસ્તાવેજો ગુમ હોવાનું જણાયું છે, તો અરજદારોને પાંચ (5) કામકાજી દિવસનો સમયગાળો આપવામાં આવશે જેમાં તેઓ ગુમ થયેલા દસ્તાવેજો સંબંધિત સમસ્યાઓનો ઉકેલ મેળવી શકશે.

પૂર્ણ થયેલી એપ્લિકેશન પછી સમિતિ અને સ્ટાફ દ્વારા સ્કોરિંગ માટે આગળ વધશે. સ્ટાફ પક્ષપાત સિવાય માપદંડ આધારિત સ્કોર કરશે. NJ EDA SMEની સ્કોરિંગ કમિટી વિવેક બુધ્ધિ અનુસારના માપદંડ સાથે તમામ પ્રશ્નોનો સ્કોર આપશે.  સ્કોર્સનું સંકલન કરવામાં આવશે અને મંજૂરી અને એવોર્ડ માટે બોર્ડને ભલામણ કરવામાં આવશે. એવોર્ડની ભલામણો સ્કોરિંગ ક્રમમાં કરવામાં આવશે જેમાં સૌથી વધુ સ્કોર ધરાવતા અરજદારને એવોર્ડ માટે ભલામણ કરવામાં આવશે. બાકીના એવોર્ડની ભલામણો સ્કોરિંગ માપદંડના આધારે એવોર્ડ માટેની ભલામણો સાથે બાકીના ભંડોળના પૂલના આધારે કરી શકાય છે.

**24) શું કોઈ ન્યૂનતમ સ્કોર છે?**
મંજૂરી અને એવોર્ડ માટે બોર્ડને ભલામણ કરાયેલા તમામ પ્રોજેક્ટ સંભવિત 100માંથી 65 પોઈન્ટના ન્યૂનતમ સ્કોર મેળવેલા અથવા તેનાથી વધુ મેળવેલા હોવા જોઈએ.

**25) જો હું 5-કામકાજી દિવસની વિન્ડોમાં મારા જરૂરી દસ્તાવેજો પ્રદાન ન કરી શકું તો શું થશે?**

અરજદારોને નકારવામાં આવશે અને 3 કામકાજી દિવસોમાં અપીલ ફાઇલ કરવાની ક્ષમતા સાથેનો અસ્વીકારનો પત્ર પ્રાપ્ત થશે.

**26) જો હું નફાકારક અરજદાર હોઉં તો એપ્લિકેશન ફી કેટલી છે?**

એપ્લિકેશન કરવાના સમયે 1,000 ડોલરની ફી આવશ્યક છે અને તે રીઅલ એસ્ટેટ અને પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોગ્રામ બંને માટે રિફંડપાત્ર નથી.

**27) જો હું બિન-લાભકારી (સેવાભાવી) સંસ્થા તરીકે અરજદાર હોઉં તો એપ્લિકેશન ફી કેટલી છે?**

બિન-લાભકારી (સેવાભાવી) સંસ્થાઓ અનુચિત હાડમારી માટે ફી માફી માટે એપ્લિકેશન કરી શકે છે. તો અનુચિત હાડમારી માટે ફી માફી
બિન-લાભકારી (સેવાભાવી) સંસ્થાના સૌથી તાજેતરના 990 ફોર્મ દ્વારા દર્શાવી શકાય છે
જો આવકમાંથી ખર્ચ બાદ કરતાં (લાઇન 19) 500,000 ડોલર કરતાં ઓછી અથવા તેના બરાબર છે અને ચોખ્ખી એસેટ/ભંડોળ બેલેન્સ (લાઇન 22)
1,000,000 ડોલર કરતાં ઓછું અથવા તેની બરાબર છે.

**28) શું અરજદારે પ્રોજેક્ટ માટે કોન્ટ્રાક્ટરના અંદાજો સબમિટ કરવા જોઈએ?**

હા, અરજદારે કોન્ટ્રાક્ટર અંદાજો અથવા અંતિમ ટ્રેડ પેમેન્ટ બ્રેકડાઉન સબમિટ કરવું જોઇએ. પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટર NJ રજિસ્ટર્ડ જાહેર બાંધકામ કોન્ટ્રાક્ટર હોવો જ જોઇએ.